**અમદાવાદ શહેરના મે.૩૫ માં એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૫૪ સમક્ષ, મુ.અમદાવાદ શહેર**

---

**ક્રિમીનલ કેસ નં.૧૫૦૮૪૭/૨૦૨૪**

**<u>આંક–૧ તળે હુકમ :–</u>**

(૧) આજરોજ કામ હાથ ઉપર લીધુ, પોકાર કરતા ફરીયાદી/ફરીયાદીના વકીલશ્રી હાજર છે. અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ આંક–7 ની પુરશીશથી જાહેર કરેલુ. જે પુરશીશ વંચાણે લીધી. અને સી.આર.પી.સી. ની કલમ–૨૫૭/બી.એન.એસ.એસ. ની કલમ–૨૮૧ વંચાણે લીધી. તે કલમ વંચાણે લેતા, પ્રાઇવેટ ફરીયાદ તરીકે દાખલ કરેલી કોઇ ફરીયાદ ચુકાદો જાહેર પહેલા કોઇ પણ તબકકે પાછી ખેચવા માંગતો હોય તો, કોર્ટની પરવાનગીથી તેવી ફરીયાદ પરત ખેચવાની પરવાનગી આપી શકાય અને આવી પરવાનગી મળ્યેથી સદર કેસની કામગીરી તે જ તબકકે બંધ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરી શકાય. તે હકીકત ધ્યાને લઇ હાલનો કેસ પ્રાઇવેટ કમ્પ્લેઇન તરીકે દાખલ થયેલ છે અને સદર કેસની કાર્યવાહી ચાલુ છે અને તેમાં કોઇ અંતિમ હુકમ કરવામાં આવેલ નથી. ત્યારે ફરીયાદી સદર ફરીયાદ પરત ખેચવા માંગતા હોય તે કેસ પરત ખેચવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને હાલની ફરીયાદના કામે તેઓ વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુન્હાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કેસના સંજોગો જોતા હાલના કેસમાં પક્ષકારો વિરૂધ્ધ નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે તે પ્રમાણે કોઇ કોસ્ટ કરવાનો હુકમ કરવો યોગ્ય જણાતુ નથી.

હુકમ આજરોજ યોજાયેલ કાયમી લોક અદાલત દરમ્યાન તા.૦૨ મી, મે–૨૦૨૬ નાં રોજ વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ
તા.૦૨/૦૫/૨૦૨૬

**(વિપિન કુમાર બંસલ)**
**૩૫માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**(ને.ઇ.એ.) કોર્ટ નં. ૫૪, અમદાવાદ શહેર**
**જીજે૦૧૨૩૩**